# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૯ તા.૪-૭-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :- આશ્રમશાળામાં બજાવેલ ફરજોને ન.પ્રા.શિ.સમિતિની નોકરી સાથે સળંગ ગણવા બાબત.**

**સંદર્ભ :- ક્રમાંક : પ્રા શિ નિ / નીતિ / ૨૦૧૭ /ક / ૪૯૨૩ - ૭૪ પ્રા.શિ.નિયામકશ્રીનો તા.૧૬-૬-૧૭નો પત્ર.**

આથી તમામ મ્યુનિ.શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય પરત્ત્વે જણાવવાનું કે, આદીજાતિ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની ચાલતી રાજ્યની અનુદાનિત આશ્રમ શાળાઓમાં પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવેલ હોય અને હાલ ન.પ્રા.શિ.સમિતિ,અમદાવાદ હસ્તકની શાળામાં ફરજ બજાવતા હોય તેવા પ્રાથમિક શિક્ષકોની આશ્રમ શાળામાં બજાવેલ ફરજોને ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદની નોકરી સાથે સળંગ ગણવા માટે સરકારશ્રીમાં દરખાસ્ત કરવાની હોવાથી તેવા અત્રે ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષકોની વિગતો પુરાવા સાથે મુખ્ય ઓફિસે હેડકલાર્કશ્રી, એસ્ટાબ્લીશમેન્ટ વિભાગમાં સત્વરે દિન-૧૦માં મોકલી આપશો.

તા.૪-૭-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી